## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*કદી પોલીવાનમાં પણ પેસી જાય છે સર્પ!*
*પડી આદત, બંદોબસ્તમાં, બેસી જાય છે સર્પ!*
*એની હાજરી જ છે પૂરતી ધાક જમાવવાને -*
*ટેવ જૂના જન્મોની સલામે ઘૂસી જાય છે સર્પ,*
*(રાજકોટમાં એમની હાજરી)*

હાઈકુ

*નર્મદા અને*
*નેતા થાય અદૃશ્ય!*
*પ્રસંગ પછી...*
*(ગોઠવણ...)*

*હવે નર્મદા*
*લ્યો! ફરે છે રથમાં -*
*કેનાલ કોરી!!*
*(સત્તા આગળ...)*

### ચિંતન

*બાહુવીર્યં બલં રાજ્ઞો બ્રહ્મવિદ્ બલી ।*
*રુપયૌવન માધુર્યં સ્ત્રીણાં બલમુત્તમમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક ચાણક્ટમેટમાંથી લેવામાં આવેલ છે.**

**રાજાનું બળ તેના સૈન્યમાં અને બ્રાહ્મણનું બળ તેના જ્ઞાનમાં હોય છે. જયારે સ્ત્રીઓનું બળ તેના રુપ અને યૌવનની સાથે મધુર વ્યવહારમાં હોય છે.**

**રાજા કેટલો શક્તિશાળી છે તે તેના સૈન્યના આધારે નક્કી થાય છે. જે રાજાનું સૈન્ય જેટલું વધારે અને તેના અસ્ત્રશસ્ત્ર જેટલાં આધુનિક એટલો તે સામર્થ્યવાન મનાય છે.**

**બ્રાહ્મનું સામર્થ્ય તેના જ્ઞાનમાં છે. બ્રહ્મને જાણતો બ્રાહ્મણ જ બળવાન છે. બ્રહ્મ જ બ્રાહ્મણનું શસ્ત્ર છે. સ્ત્રીઓનું બળ તેની સુંદરતા તેની વાણીની મધુરતા અને વ્યવહારમાં છે. સ્ત્રીની સોના જેવી સુંદરતા સાથે સુગંધ સમાન સુશીલતા ભળે તો તેના પરિવારની શોભામાં ચાર ચાંદ લાગી જાય છે.**

### સુવિચાર

- વિચાર અને કર્મની સાદગી મનને શાંતિ બક્ષે છે - **સંત ફ્રાન્સીસ**
- કર્નલો અને જનરલો આપણે જોઈએ તેટલા બનાવી શકીએ છીએ, પણ એટલા વિદ્વાનો બનાવી શકતા નથી - **જનકલ્યાણ**
- ખરીદનારને સો આંખો જોઈએ, વેચનારને એકેય નહિ - **અરબી કહેવત**
- ખરા સમયે થોડું આપવામાં જે ઉદારતા સમાયેલી છે એ સમય વિતી ગયા પછી આપવામાં નથી - **લા બ્રુયેર**
- ભૂલી જવાની કે યાદ કરવાની સ્વતંત્રતા મન પાસે નથી, એટલે બોલવાની કે ન બોલવાની મનની સ્વતંત્રતા અત્યંત સીમિત છે - **એન્ટોન ચેખોવ**
- મુત્સદીનું હૃદય કાયમ એના માથામાં હોવું જોઈએ - **નેપોલિયન**
- આજનું ઔષધ : કાંદાનો ઉકાળો પીવાથી કફ મટે છે **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

આ સંસારના સુખ-સંબંધો માયા છે. સ્વપ્ન છે જે સ્વપ્નમાંથી જાગે તેને જ સમજાય.

એક સજ્જન માણસ. જ્ઞાન પણ ખૂબ તેમના ઘરે ઘણા વખતે પુત્ર જન્મ થયો. મા-બાપનો લાડકો પુત્ર પણ અચાનક માંદગીમાં પ્રભુ પ્રયારો થઈ ગયો.

સૌ કુટુંબીજનો એ રડારોડ કરી મૂકી પણ સજ્જન જ્ઞાની પિતા તદ્દન શાંત હતા. તેમણે પત્નીને પણ શાંત પડવા સમજાવવા લાગ્યા. બે-ત્રણ દિવસમાં તો જાણે કશું બન્યું જ નથી તેમ દુકાને જવા લાગ્યા, એકવાર બપોરે જમવા આવ્યા અને પત્ની બોલી, 'તમારું હૃદય તો પાષાણનું બનેલું લાગે છે. એક આંસુ પણ પડતું નથી.' પતિએ કહ્યું, 'હું શા માટે રડતો નથી તો સાંભળો...' ગઈરાત્રે જ મને સપનું આવેલું, મેં જોયું કે હું રાજા બન્યો, ખૂબ સુખી હતો, બે રાજકુંવરો, રાણી પણ સુખી. દોલતની કોઈ કમી નહોતી. સુખ સાહ્યબીનો પાર નહોતો અને અચાનક હું જાગી ઊઠ્યો.'

'જાગતાં વિચાર આવ્યો કે સ્વપ્નાનું સુખ ગયું, ધન ગયું, પેલા બે રાજકુમાર કુંવર પણ ગયા. એનો શોક કરવો કે આપણો એકનો એક પુત્ર ગયો તેનો શોક કરું?' 'એ સ્વપ્ન તો મિથ્યા હતું' એમ સંસાર પણ મિથ્યા જ છેને ?' 'પેલું ટૂંકા સમયનું સ્વપ્ન અને આ જરા લાંબા સમયનું સ્વપ્ન. ફેર શું છે?' આવી જ્ઞાની પતિની વાત સાંભળી પત્નીનો મોહ અને શોક બેવ દૂર થયો.

# ઉત્તર ગુજરાત પર મેઘમહેર

ગુજરાત પર મેઘરાજાની મહેત ઊતરી છે અને સામાન્ય રીતે અડધાપડધા કોરા રહેતા ઉત્તર ગુજરાતમાં તો વરસાદે માઝા મૂકી છે. સૂકી ભંઠ સરસ્વતીના ચેક ડેમના બધા દરવાજા ખોલી નાખવા પડ્યા છે એથી બહુ વર્ષો પછી લોકોને સરસ્વતી બે કાંઠે વહેતી જોવા મળી છે. સિદ્ધપુરમાં ત્રણ કલાકમાં તેર ઈંચ વરસાદ એ પણ એક ઐતિહાસિક રેકોર્ડ જ લેખાશે. ચોમાસું કેવું જશે એની ચિંતામાં સુકાતો ધરતીનો છોરું અષાઢ મહિનામાં જ આખું આભ એક સામટું ઠલવાઈ જતાં સ્વભાવિક રીતે જ ખુશખુશાલ હશે. જો કે અતિવૃષ્ટિ પણ એક પ્રકારની આફત જ છે, અને એના કેટલાંક વિઘાતક પરિણામો પણ ખેડૂતો સહિત તમામ પ્રજાજનોને ભોગવવાં પડતાં હોય છે. ઉત્તર ગુજરાતની તરસી ધરતી પર મેઘરાજા સમજણપૂર્વક આવી જ કૃપા વરસાવતા રહેતા હોત તો એને છેક નર્મદા મૈયાના શરણે જઈ તરસ બુઝાવવાની જરૂર ન પડી હોત. પરંતુ ઉત્તર ગુજરાત તો રાજસ્થાનના સૂકા ભંઠ મરુધર (મારવાડ) પ્રદેશનું શેઢા પાડોશી, એટલે એના કિસ્મતમાં સારાં ચોમાસામાં તો જવલ્લે જ આવતાં રહ્યાં છે. મોટા ભાગે સરેરાશથી ઓછા વરસાદ સાથે પનારો પાડનારા આ પ્રદેશમાં સરસ્વતી, બનાર, રૂપેણ અને સાબરમતી જેવી નદીઓ આવેલી છે, જેમને હવે સૂકી નદીઓની અળખામણી ઓળખ સાંપડેલી છે. આપણે સૌ જાણીએ જ છીએ કે અમદાવાદની વચ્ચોવચ્ચ વહેતી સાબરમતીમાં એનું પોતીકું પાણી તો કોઈ સારા ચોમાસા દરમિયાન જ દેખા દે છે. બાકી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદઓને જે રિવરફંડની અણમોલ બેટ ધરીને શહેરની રોનક વધારી દીધી હતી તે સાબરમતી તો નર્મદાનાં ઊછીનાં જળ વડે છલકાતી રહી છે. અલબત્ત,

**તંત્રીસ્થાનેથી...**

કયારેક આવાં ભારે ચોમાસાં આવે છે ત્યારે એ જ સાબરમતી એના પોતાના જળવૈભવથી તરબોળ બનતી રહી છે. ૧૯૭૩માં તો સાબરમતીએ રૌદ્ર રૂપ ધારણ કરીને કાંઠે વસેલી ગિરનાર સોસાયટી આખી જમીન દોસ્ત કરી નાખેલી. ધરોઈ ડેમનું કામ એ અરસામાં પ્રગતિમાં હતું એટલે અનેક ડમ્પર અને ભારે યંત્રો સાબરમતીના પટમાં ખડકાયેલાં રહેતા. એવું વિનાશક પૂર આવેલું કે એ વજનદાર ડમ્પરો ફુગ્ગાની જેમ ઊછળતાં ઊછળતાં માઈલો દૂર ફંગોળાયાં હતા. ઉત્તર ગુજરાત માટે ભારે ચોમાસું એક આશ્ચર્યકારક ઉપરાંત આવકારદાયક ઘટના ગણાતી રહી છે. એથી કદાચ ચોમાસું પાક નિષ્ફળ જાય તો પણ શિયાળુ ફલક મબલક પાકે છે. એથી સ્તો આ નપાણિતા મુલકનો ખેડૂત આંખે નેજવાં કરી આભમાં ગોરંભાયેલા મેઘાને ઉદ્દેશી કહેતો હોય છે : આવ બાપ, આવ. તારા આવ્યાથી કદાચ વખતપૂરતું નુકશાન પણ જશે તો શિયાળામાં એનું વ્યાજ સાથે વળતર મળી રહેવાનું છે.

હાલ તો સરસ્વતી ચિક્કાર વહે છે. પણ કેટલા દિવસ? કનૈયાલાલ મુનશીની 'ગુજરાતનો નાથ' અને 'પાટણની પ્રભુતા' થી લઈ રઘુવીરની 'રુદ્રમહાલયની કર્પૂરમંજરી' જેવી નવલકથાઓમાં તો પાટણ અને સિદ્ધપુરની સરસ્વતીમાં નૌકાઓ ફરતી હોવાનાં વર્ણનો મળે છે. ભાગવત પુરાણમાં બળરા સરસ્વતીનાં જળ માર્ગે નૌકાવિહાર કરી સોમનાથથી મથુરા ગયા છે. સેટેલાઈટ દ્વારા લેવાયેલ ચિત્રોમાં આ રણ બની ગયેલા પ્રદેશની નીચે વહેતી સરસ્વતી દષ્ટિગોચર થાય છે. ઋગ્વેદમાં ગંગાનો ઉલ્લેખ કેવળ બે જ વખત આવે છે. જયારે સરસ્વતીનો સૌથી વધુ વાર ઉલ્લેખ થયેલ છે. આ આપણી સાંસ્કૃતિક ધરોહર છે. એ વહેતી રહેવી જોઈએ!

# હું મારા જીવનની ધન્ય ક્ષણોમાંથી પસાર થઈ રહ્યો હતો



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

''બાબુજી, હમ તો આપકા લડ્ડુ ખાતે હે ઔર યમુના મૈયાકા પાની પીતે હૈ'' – નાવિકે આત્મવિશ્વાસપૂર્વક કહ્યું હતુ.વેકેશન દરમિયાન સહકુટુંબ ઉત્તરભારતના પ્રવાસે જવાનું બન્યુ હતુ.

પ્રવાસ દરમિયાન મોટેભાગે મંદિરોમાં દેવદર્શનનો સીલસીલો ચાલતો હોય છે. મારા સ્વભાવ મુજબ એક સ્થળના દેવદર્શન ટાળીને મે યમુના નદીના કિનારે ટહેલવાનુ નક્કિ કર્યુ. નદી કિનારે પ્રવાસીઓ ઓછા હતા. હું યમુનાજીને પ્રણામ કરી હોડીમાં બેઠો. નાવિકે 'જય યમુના મૈયા' કહીને હલેસા મારવાના શરુ કર્યા. નદીના શ્યામ રંગના પાણીમાં હાથ ઝબોળતા રોમાંચ અનુભવ્યો. મનોમન કાળીનાગનું સ્મરણ થયું. 'જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે' ની પંક્તિઓ ગુંજવા લાગી.'' નાવ કબસે ચલાતે હો? '' મેં નાવિકને પૂછ્યુ. ' હમ બહોત છોટેથે પાંચ સાલકે'. વાતચીતનો દોર ચાલ્યો. 'ગુજારા કૈસે ચલતા હે?' '' આપકા પ્યાર હૈ બાબુજી , આપકા લડ્ડુ ઔર યમુના મૈયાકા પાની પીકે જીતે હે.''

મને તેની વાતચીત, સાદાઈ અને પ્રમાણિકતા સ્પર્શી ગયા. યમુનાજીમાં ઊંડી શ્રધ્ધા ધરાવતો નાવિક હદયથી ખૂબ જ પવિત્ર જણાયો. મારું મન ભરાય ત્યાં સુધી એણે મને નાવમાં સેર કરાવી. મને ખૂબ આનંદ થયો. રૂપિયા સો ચાર્જ નક્કિ થયેલો. મેં ખૂશ થઈ ને બસો રૂપિયા આપ્યા. અને કહ્યુ, '' યે લીજીએ દોસો રૂપિયે.''

'' નહિ બાબુજી હમે ૧૦૦ રૂપિયે દો બસ.''

'' નહિ.... નહિ.... મૈં ખૂશ હોકર આપકો દે રહા હું. લે લો.'' મે આગ્રહ કર્યો.

''નહિ બાબુજી , હમ આપસે જ્યાદા પૈસે લેંગે તો યમુના મૈયા નારાજ હો જાયેગી. હમ નહિ લે શકતે, જો તય હુઆ હે વહી દીજીએ.''

નાવિકની પ્રમાણિકતા યમુનાજીના પાણીમાં તરી રહી હતી.મને નાવિક બે મુઠ્ઠી ઊંચેરો લાગ્યો. શ્રધ્ધા અને ભક્તિથી ભરપૂર આવા માનવીઓને કારણે જ ભારત દેશ ટકી રહ્યો છે, તેવી પ્રતિતી થઈ. નખશીખ પ્રમાણિકતાથી ભરપૂર નાવિકને મળીને હું ધન્ય થઈ ગયો . યમુનાજીને સાક્ષાત દેવીતરીકે હાજરાહુજુર માનતા આ શ્રધ્ધાળુએ મારા હદયમાં ઊંચું સ્થાન મેળવ્યું. મારું મન હદય પૂલકીત થઈ ગયું.

નાવમાંથી નીચે ઊતરતાં હું નાવિકને સ્વાભાવિક રીતે ભેટી પડ્યો તેનું મને ભાન પણ ન રહ્યું. યમુના કિનારે સાક્ષાત કૃષ્ણ ભેટ્યા હોય તેવી લાગણી અનુભવી રહ્યો. શ્રીયમુનાષ્ટકમ ગાતી કેટલીક ગોપીઓ ત્યાંથી પસાર થઈ રહી હતી. હું યમુનાજીનો સાક્ષાત્કાર અનુભવી રહ્યો.

હું મારા જીવનની ધન્ય ક્ષણો માંથી પસાર થઈ રહ્યો હતો.

**મિસરી**

**શ્રધ્ધાનો હો વિષય તો પૂરાવાની શી જરૂર?**
**ગીતામાં તો ક્યાંય શ્રીકૃષ્ણની સહી નથી.**
**('શ્રીજલન માતરી' ની ક્ષમા યાચના સાથે)**

# હું પ્રતીક્ષા કરી રહ્યો છું – તમારામાનો પ્રત્યેક એકરાર કરે તેની

દુનિયાએ જૂઠ્ઠાણું હાંક્યું હોય તો મને ખબર નથી,
મેં હાંક્યું છે.
દુનિયાએ પ્રમ સામે કાવતરા કર્યા હોત તો મને ખબર નથી
મેં કાવતરા કર્યા છે.
વાદળના ગીચોગીચ ખડકલા વગર પણ મેં ધિક્કાર જ કર્યો હોત...
સાંભળી લ્યો!
મૃત્યુ જેવું કંઈ ન હોત તો પણ
મેં તો જે કૈં કહ્યું... એ જ કર્યુ હોત...
કોઈ દારૂડિયાની માફક
હકીકતના ઠંડા નળ નીચે મને નહીં ધરી શકી...
- એ સર્વ સામાન્ય બહાનું મને ખપતું નથી.
રાત્રે પસાર કરી ગયેલા ખાલી ટેલિફોન - બૂથની જેમ
સિનેમાગૃહમાંથી બહાર નીકળતા નીકળતા સંતલસ કરી લેવા માટે
છેક છેલ્લી પળે યાદ આવી જતા લોબીના અરીસાઓની જેમ
સેંકડો વિચિત્ર બંધુભાવે સાંકળતી કોઈ નિમ્ફોમેનિઅકની જેમ
હું પ્રતીક્ષા કરી રહ્યો છું. -
તમારામાંનો પ્રત્યેક... એકરાર કરે તેની...

- લિયોનાર્ડ કોહન

જગદીશ જોશી દ્વારા અનુવાદિત આ કવિતા આમ જોવા જઈએ તો આપણાં બધાનું એકરાર નામું છે.

મોટેભાગે આપણે પરિસ્થિતિઓને તાબે થઈ જનારા ફલેક્સિબલ આત્માઓ છીએ. આપણે જે સત્ય સમજતા હોઈએ તે ઉચ્ચારવાની હિંમત કરી શકતા નથી... ઘણા બધા ઘેટાંઓના ટોળામાંના એક ઘેટા બનીને ઘેટાંજીવન જીવીને મરણ શરણ થઈ જઈએ છીએ...

જીએસટીનો અર્થ સમજ્યા વિચાર્યા વગર વિરોધ કરવાવાળા તો ઘણા છે, પરંતુ જીએસટીના કારણે ખોટા બિલ ન બનાવી શકીને ખોટો ટેક્સ બેનીફીટ ન મેળવી શકવાના કારણે અચાનક સો કોલ્ડ પ્રામાણિક મિત્રો કાગારોળ મચાવવા નીકળી પડશે...

વસ્તુતઃ આપણે નખશીખ અદના કલાકાર છીએ... મસ્ત - એક્ટીંગ કરી જાણીએ છીએ... લાગણીના સંબંધોના, આંસુના, હર્ષના, આનંદના, શોકના, દુઃખના સોદા કરનારા બેસ્ટ, એક્ટર્સ છીએ...

રાષ્ટ્રવાદી દેશપ્રેમી હોવાના આફરા આવતા હોય તેવા ફેસબુકીયા દેશભક્તોને એક દિવસની સેલેરી જવાનોને આપવાની કહેવામાં આવે તો ચૂંક આવે છે.

સ્ત્રી સ્વાતંત્ર્ય અને નારીવાદી સમાજની Women-Empowermentની પીપુડી વગાડનારા પોતાના ઘરની દીકરી અને વહુ વચ્ચે હજી સુધી સમાન વર્તન નથી કરી શક્યા...

પોતાની સમજણને સાત કોઠા પાતાળમાં ભરડી દઈને પીડા ભોગવવી પડતી હોય છે, પોતાના અસ્તિત્વ માટે સ્વજનોની ખાતર, મનની અંદર કાંઈક અને મોઢે જુદું જ એમ બેવડી બોલીના ગુનામાં સબડતા રહેતા આપણે જુઠ્ઠાણાઓથી લિપ્ત થઈ જઈએ છઈએ...

બીજાની વાત આવે ત્યારે ફટાક કરતા ન્યાયાધીશ બનીને ફેસલો સંભળાવવા વાળા આપણે પોતાની ખોખલીયત ઉપર મૂંગા રહીએ છીએ... સરેઆમ પોતાનું પાપ-ભૂલ સ્વીકારવું એ પણ મર્દાનગીનું કામ છે...



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

પરંતુ અહીં કવિ કહે છે, કોઈ સંજોગો વશાત્ કે પરિસ્થિતિઓને કારણે જ નહીં... પરિસ્થિતિ પ્રતિકૂળ હોત નહીં, સાનુકૂળ હોત તો પણ મેં જૂઠ ન આચર્યું હોત...

આપણે હંમેશા બીજાના કૃત્યો માટે જજમેન્ટ અને પોતાના કાર્યો માટે જસ્ટીફિકેશન આપતા રહીએ છીએ... અહીં કવિ પોતાના કાર્યો માટે પણ સમાન બનીને ખેલદિલી પૂર્વક ગુનો કર્યાનું કબૂલે છે.

આપણે સહું - તમે અને હું આપણે બધાય... પરિસ્થિતિ - સંજોગો - પરિવાર - સંબંધ - આ બધા રૂપકડા બહાનાઓ હેઠળ કયાંકને કયાંક અનીતિ - અન્યાય - અધર્મ આચરી જઈએ છીએ...

હમણાં જ બી.આર. ચોપરાનું જૂનું પિકચર 'કાનૂન' જોયું... અશોકકુમાર, રાજેન્દ્રકુમાર અને નંદા. માણસ હંમેશા પોતાની સગવડતા ખાતર અસત્યનો આશરો લેતો જ આવ્યો છે, આખી જિંદગી લોકોના લોહીચૂસીને શેઠીયા બનનારા સિનિયર સિટીઝનશીપ મળ્યા પછી મંદિરમાં ડોનેશન આપે છે, બાકડા મૂકાવે છે, મોક્ષ મેળવવા માટે અચાનક ધર્મ યાદ આવે છે...

ધર્મના રુપકડા નામ અને પાપ - પુણ્યની સગવડભરી પોતાની બનાવેલી વ્યાખ્યા બનાવીને રાતોરાત સત્યનું ભાન થયું હોત તેમ આત્માજ્ઞાની બનીને પશ્ચાતાપનો દેખાવ કરતા સદ્ગૃહસ્થોની વાત અહીં નથી...

અહીં તો કવિ કહે છે કે - અત્યારે જ અબઘડી મારી સાથે તમે બધા કન્ફેસ કરો કે હા ! અમે પણ કયારેક ને કયારેક જૂઠ્ઠું બોલીને કામ કરાવ્યું છે, ઈમોશનલ બ્લેકમેઈલ કરીને પોતાના જ સ્વજનો પર અત્યાચાર કરીને પોતાનું ધાર્યું કરાવ્યું છે.

ચૂપચાપ ટ્રાફિક પોલીસને ૧૦૦ની નોટ પકડાવીને હેલ્મેટ વગર જતા રહ્યા છીએ... સરકારી ટેન્ડર મેળવવા માટે અધિકારીઓને મીઠાઈનું ભારે પૅકેટ પહોંચાડ્યું છે, પરીક્ષા ખંડમાં સુપરવાઈઝરનું ધ્યાન નહોતું ત્યારે ચોરી કરીને પાસ થયા છીએ...

શું કરવું સમાજ જ આપણને દંભ કરતા, ખોટું કરતાં શીખવે છે, તેની છટકબારીઓ અહીં બંધ કરવાનું કવિ કહે છે... અને વળી સાથે સાથે દારુ પીને લવારો કરતા કે કોઈ નશામાં ભૂલ ભૂલમાં બોલાઈ ગયેલા મારા ઉપરોક્ત વિધાન નથી...! મૃત્યુનો અને ભગવાનનો ભય લાગ્યો છે. એટલે સાચાબોલા બનવાનો અભરખો નથી જાગ્યો... બસ! એમ જ વગર કોઈ ડરે અથવા વગર કોઈ લાલસાએ કવિ આપણને આપણી આત્મિક સચ્ચાઈ જાહેર કરવાનું આહ્વાન કરે છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# પ્રકૃતિની જેટલા નજીક તેટલા સ્વચ્છ અને નિર્મળ




'તમે અહીં આવેલા લોકો પૈકીના ત્રણ દર્દીના નામ લઈને આથવા એમના ચહેરા યાદ કરીને પ્રાર્થના કરો કે ધન્વતરી ભગવાનની કૃપાથી એમના શરીરના જે રોગો છે તે દૂર થઈ જાય.'

રોજ સાંજે પ્રાર્થનામાં પાંચ મિનિટમાં સમયે સંસ્થાના ડૉકટરે કહ્યું.

'આપને જમાડવામાં થોડીવાર થશે, કારણ કે અમે બધાને એક-એક કરીને ગરમા-ગરમ રોટલી જ જમાડીએ છીએ એ જેથી સહુ પ્રેમપૂર્વક જમી શકે.' રસોઈ ઘરની વ્યવસ્થા સંભાળનાર માસીએ કહ્યું.

આવા તો અનેક પ્રેમાળ વાક્યો અહીં આવનાર દર્દીને રોજ સાંભળવા મળે જેમાં સેવાની - પ્રેમની - આતિથ્યની - ભાવના ભળેલી હોય.

વાત છે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં અંતરિયાળ એવા માઢી - પેઢામલી રોડ પર નવનિર્મિત કંચન હીરા આયુર્વેદિક હોસ્પિટલ એન્ડ કેન્સર રીસર્ચ સેન્ટરની.

મૂળ આ જગ્યાએ વર્ષોથી સર્વોદય આશ્રમ તો હતો જ, એટલે આ જગ્યાએ લોકો માઢી આશ્રમ તરીકે પણ ઓળખે. આશ્રમના ટ્રસ્ટીઓના સહયોગથી આ જગ્યાને નિસર્ગોપચાર કેન્દ્ર રુપે વિકસાવવાનો સંકલ્પ કર્યો આ ગામના વતની, રાજય સરકારના આયુર્વેદિક વિભાગમાં ઉચ્ચ અધિકારી અને કૌશલ હેલ્થ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ ડૉ. અતુલ ભાવસારે એમની પરિકલ્પનાને આધારે મળ્યો પુના નિવાસી દાતા પરિવાર શેઠ હીરાલાલ ડી. શાહ (ચોખાવાળા) નો અને તેમણે આપ્યું માતબર રકમનું દાન. પરિણામે આ સંસ્થા કાર્યરત થઈ અને આજે અહીં આવીને રહેતા તથા આસપાસના ગામોમાં રહેતા લોકો માટે આરોગ્ય સેવા મેળવવાનું ઉત્તમ માધ્યમ આ સંસ્થા બની ગઈ છે.

'અહીં નો સ્ટાફ એટલો સરળ અને પ્રેમાળ છે કે અડધી બિમારીનો એમનાથી જ ઓછી થઈ જાય.' અહીં આવીને રહેનારા મનીષા જોષીની વાતમાં સહમતી પુરાવનાર સપ્ન તોરલ ઉમેરે છે. 'અહીં સાથે સાથે જ મનની પણ શુદ્ધતા થાય છે અને જાત સાથે સંવાદ કરવાનો પૂર્ણ અવકાશ મળે છે...' શરીર અને મન બંને હળવાશ અનુભવે એવી આ જગ્યા ૧૨ એકરમાં ફેલાયેલી છે. જેમાંથી ૨ એકરમાં ઉપચાર કેન્દ્ર છે અને ૧૦ એકરમાં ઓર્ગેનિક ખેતી કહે છે. 'હોસ્પિટલનો આરંભ તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ થયો. એ સમયે ઓપીડી અને જનરલ વોર્ડ શરુ થયા. એ પછી તારીખ ૪ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ સાધ્વી ચંદનાજીના આશીર્વાદ સાથે દાતા પરિવારની ઉપસ્થિતિમાં હોસ્પિટલ પૂર્ણ રુપે શરુ થઈ.'



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

ભાઈઓ-બહેનો માટેના અહીં અલગ-અલગ જનરલ વોર્ડ છે જેની સ્વચ્છતા ઊડીને આંખે વળગે છે ને સાવ વિના મૂલ્યે નિવાસ તથા ભોજનની સાવ વિના મૂલ્યે નિવાશ તથા ભોજનની અહીં સુવિધા અપાય છે. દર્દીઓ માટે કેબલ ટીવી અને વાઈફાઈની સુવિધા પણ ખરી જ.

એર કન્ડીશનની સુવિધાવાળા ૧૦ સ્પેશિયલ રૂમ, ૧ સેમી સ્પેશિયલ રૂમ અને ૨ સ્યુટ રૂમ પણ અહીં છે. લેબોરેટરી - ફીઝીયોથેરાપી - એક્સ રે - ઓપરેશન થિયેટર - યોગા સેન્ટર, મેડિકલ સ્ટોર, પંચ કર્મની તમામ સારવાર, પુસ્તકો વાંચવા લાઈબ્રેરી, સી.સી.ટી.વી, ઈન્ટરકોમ સર્વીસ, ગોલ્ફ કોર્ટ એમ્બ્યુલન્સ જેવી તમામ સુવિધાઓ દર્દીઓની સેવા માટે અહીં ઉપલબ્ધ છે. તબીબો તથા પેરા મેડિકલ સ્ટાફ દર્દીઓની પૂરતી કાળજી લે છે. ભોજન ખંડની શિસ્ત-પ્રેમાળ વાતાવરણ અને શુદ્ધતા ધ્યાન ખેંચે છે. થેલેસીમિયા રોગથી પીડિત બાળકો માટે વિશેષ રૂમ બનાવાયો છે અને આવા બાળકો તથા વાલીઓને સંપૂર્ણપણે વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. પંચકર્મ તથા અન્ય સારવાર માટેની ફી પણ પ્રમાણમાં બહુ ઓછી અને દરેકને પરવડે એવી છે. અહીં આવતા પ્રત્યેક વ્યક્તિ સેવાની સારવારની - પ્રસન્નતાથી અને પ્રેમની અનુભૂતિથી તરબતર થાય છે. કંચન હીરા આયુર્વેદિક હોસ્પિટલ વાસ્તવમાં શાંતિ અને પ્રસન્નતાનો, સેવા અને સરળતાનો પર્યાય બની રહે છે.



સ્વાભાવિક છે કે આપણી આસપાસ સામાજિક - સેવાભાવી સંસ્થાઓતો અનેક હોય છે. પરંતુ કેટલીક સંસ્થાઓ તેની કામગીરી - સ્ટાફની માનવતાવાદી વિચારધારા તથા દાતાઓ - ટ્રસ્ટીઓની શુભ ભાવનાને લીધે એની પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં વિશે શાખ ઊભી કરે છે.

આરોગ્ય ક્ષેત્રે આયુર્વેદ અને નિસર્ગોપચારની શૈલીનો વ્યાપ ધીમે ધીમે વધી રહ્યો છે. માણસ જેટલો વધુ પ્રકૃતિની નજીક રહે તેટલો તે વધુ સ્વચ્છ અને સ્વસ્થ રહે છે. આહાર વિહાર અને નિંદ્રાની નિયમતતા શરીરને સ્વસ્થ રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ ક્ષેત્રે જાગૃતિ ફેલાવનારી સંસ્થાઓ અને તેની સાથે જોડાયેલા લોકોના વાણી-વર્તનમાં સેવા અને આનંદ ભળે ત્યારે આપણી આસપાસ સેવાની જયોત પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

● ● ●

શરીરં હિ સત્ત્વમનુવિધીયતે
સત્ત્વં ચ શરીરમ્....

**- જેવું મન હશે તેવું શરીર અને જેવું શરીર હશે તેવું મન થશે.**